સને ૨૦૧૪-૧૫ના વર્ષના ફેરફાર કરેલ (Modified) અંદાજપત્રમાંથી ડિસેમ્બર-૨૦૧૪ થી જાન્યુઆરી-૨૦૧૫ના માસ માટે આયોજન બહાર હેઠળની ગ્રાન્ટ ફાળવવા અંગે.

ગુજરાત સરકાર
વન અને પર્યાવરણ વિભાગ
સચિવાલય,સચિવાલય, ગાંધીનગર
ઠરાવ ક્રમાંક : ટીએસપી/૧૦૨૦૧૪/નોનપ્લાન/૨૦૭/બ
તારીખ : ૧૮-૧૧-૨૦૧૪

**વંચાણે લીધા :-**

**આદિજાતિ વિકાસવિભાગનો ઠરાવ ક્રમાંક :બીયુડી/૧૦૨૦૧૪-૨૮૫-છ, તારીખ ૦૯-૦૪-૨૦૧૪, ૧૫-૦૫-૨૦૧૪ , ૦૬/૦૮/૨૦૧૪, ૧૯/૦૯/૨૦૧૪ અને ૧૮/૧૧/૨૦૧૪**

**ઠરાવ :-**

સંદર્ભમાં દર્શાવેલ આદિજાતિ વિકાસવિભાગના તારીખ ૧૮-૧૧-૨૦૧૪ના ઉપરોકત ઠરાવથી સને ૨૦૧૪-૧૫ ના વર્ષ માટેના ફેરફાર કરેલ અંદાજપત્રના આધારે માહે **ડિસેમ્બર-૨૦૧૪ થી જાન્યુઆરી-૨૦૧૫** એમ કુલ બે માસની આયોજન બહાર હેઠળની રૂ. ૪૪૯૫૭ હજારની ગ્રાન્ટ આ સાથે સામેલ પત્રક મુજબ સંબંધિત ખાતાના વડા હસ્તક નીચેની શરતોને આધિન ફાળવવામાં આવે છે.

૨. ૨૦૧૪-૨૦૧૫ના ફેરફાર કરેલ અંદાજપત્રમાં હેતુ સદર મજુબ મંજુર થયેલી જોગવાઇ મજુબ જ ખર્ચ કરવાનો રહશે. ખાસ કરીને પગાર ભથ્થા માટે થયેલી જોગવાઇની ગ્રાન્ટની ઉપયોગ અન્ય હેતુ માટે કરી શકાશે નહિ. તેમજ નાણા વિભાગના તા. ૨૩/૦૪/૨૦૧૪ના પરિપત્ર ક્રમાંક : અપબ/૧૦૨૦૧૪/૫૭૦/ક અનુસાર (૧) કુલ ૭ હેતુ વર્ગ (object class) પૈકી એક વર્ગના હેતુ સદરોમાંથી બીજા વર્ગના હેતુ સદરોમાં પુનઃ વહેંચણી કે ગ્રાન્ટ તબદીલી બાબતે નાણા વિભાગની પૂર્વ મંજુરી લેવાની રહેશે. (૨) એક જ વર્ગના હેતુ સદરોમાં અંદરો અંદર પુનઃ વહેંચણી સક્ષમ સત્તાધિકારીની મંજુરી બાદ કરી શકાશે.

૩. નાણા વિભાગના તા. ૧૬/૦૭/૨૦૧૪ના પત્ર ક્રમાંક : અપબ/૧૦૨૦૧૪/ઓએનએચ/૮૮૮/ક, અન્વયે સર્વે વહિવટી વિભાગોને જણાવવામાં આવેલ છે કે રાજયની સરકારી કચેરીઓમાં નિયમિત મહેકમને બદલે અન્ય સ્રોતથી કામગીરી કરાવવા અંગેનો ખર્ચ, નવા હેતુ સદર “3001-Out sourcing (Man Power)” હેઠળ ઉધારવાનો રહેશે. આ બાબતનો ચુસ્તપણે અમલ કરવા સર્વે વહિવટી વિભાગોને જણાવવામાં આવે છે.

૪. વહિવટી વિભાગોને આ પરિપત્ર અગાઉ ફાળવેલ એડવાન્સ ગ્રાન્ટની રકમને આ પરિપત્રોની ગ્રાન્ટ ફાળવણી હેઠળ સરભર કરી લેવામાં આવેલ છે. તેથી તે મુજબ ગ્રાન્ટની જરૂરીયાત અનુસાર ખાતાના વડાશ્રીની કચેરીઓને પ્રમાણસર ગ્રાંટની ફાળવણી કરવાની રહેશે.

૫. અનુભાગ-૨ ચાલુ બાબતોનો અંદાજપત્રમાં સમાવેશ કરાવતાં અગાઉ ખર્ચ પ્રભાગનો પરામર્શ કરવામાં આવેલ ન હોય તેવી ચાલુ બાબતો માટે ગ્રાન્ટ છુટી કરતા અગાઉ ખર્ચ પ્રભાગનો પરામર્શ કરવાનો રહેશે. નવી સેવાઓ અંગે ખર્ચ પ્રભાગના પરામર્શમાં વહીવટી મંજુરી મેળવ્યા બાદ જ ખર્ચ કરવાનો રહેશે. ફાળવેલ ગ્રાન્ટની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

૬. આ સાથે ફાળવવામાં આવેલી ગ્રાન્ટ પી.એલ.એ.માં જમા કરાવી શકાશે નહિ.

૭. કેન્દ્ર સરકાર દ્વારા ફાળવવામાં આવેલ ગ્રાંટની નાણા વિભાગ દ્વારા લેખાનુંદાન અંદાજપત્રમાં થયેલ જોગવાઇની જુલાઇ-૨૦૧૪ સુધીની પ્રમાણસર ગ્રાન્ટ રીલીઝ કરી દેવામાં આવેલ છે. આ પરિપત્રથી ફાળવેલ ગ્રાંટમાં કેન્દ્ર સરકાર તરફથી મળતી ગ્રાંટ અંગેની કોઇ રકમ ફાળવવામાં આવેલ નથી. કેન્દ્ર સરકાર તરફથી જેમ જેમ ગ્રાંટની ફાળવણી કરવામાં આવશે. તેમ તેમ નાણા વિભાગ તરફથી તે ગ્રાંટ સંબંધિત વિભાગને ગ્રાન્ટ ફાળવવામાં

આવશે. ભારત સરકાર તરફથી છુટી થયેલી ગ્રાન્ટ, જે નાણા વિભાગ દ્વારા વહીવટી વિભાગને ફાળવવામાં આવે છે, તે ગ્રાંટ સંબંધિત નિયંત્રણ અધિકારીઓએ નાણા વિભાગ દ્વારા ફાળવેલ ગ્રાંટની મર્યાદામાં જ ફાળવણી કરવાની રહેશે. જે કિસ્સામાં ગ્રાન્ટ અગાઉ ફાળવામાં આવેલ છે તથા રીએમ્બર્સ પેટર્ન પર આધારિત હોય તેવા કિસ્સામાં સંબંધિત નિયંત્રણ અધિકારીએ ભારત સરકાર તરફથી ગ્રાન્ટની પ્રાપ્તિ સુનિશ્ચિત કરી લેવાની રહેશે.

૮. આ સાથે ફાળવણી કરવામાં આવતી આયોજન બહાર હેઠળની ગ્રાન્ટની ફાળવણીમાંથી જે તે પેટા સદરો હેઠળ ચાલુ વર્ષ ૨૦૧૪-૨૦૧૫ના જે કોઇ રકમના સુધારેલા અંદાજો નાણા વિભાગ દ્વારા મંજુર કરવામાં આવે તેને ધ્યાનમાં લઇને તેની મર્યાદામાં જ જરૂરી ખર્ચ કરવા સબંધિત ખાતા ના વડાને પણ જણાવવામાં આવે છે.

૯. એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ/રાજકોટ ખાતેના હિસાબોના મેળવણાની પધ્ધતિમાં સરળતા રહે તે માટે સર્વે ઉપાડ અને નિયંત્રણ અધિકારીઓ ધ્વારા સંબંધિત તિજોરીઓમાં રજૂ કરવામાં આવતા બીલોમાં પેટાસદરના ૧૨ ડીજીટના ચાર્જેબલ હેડ ઇ.ડી.પી. સેલની માહિતી માટે જણાવવાના રહેશે તેમજ હિસાબી સદરના પેટાસદર સુધીના ૧૧ ડીજીટ કોડ યોગ્ય રીતે દર્શાવાય તેની કાળજી રાખવાની રહેશે.

૧૦. પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર અને અમદાવાદ તથા સર્વે તિજોરી અધિકારી/પેટા તિજોરી અધિકારીઓએ છૂટી કરાયેલ ગ્રાન્ટની મર્યાદામાં બીલો પાસ કરવાના રહેશે.

૧૧. ઉપરોકત સુચનાઓનું ચુસ્તપણે પાલન થાય તે જોવા સંબંધિત નિયંત્રણ અધિકારીઓ/ખાતાના વડાઓ/ કચેરીના વડાઓ તેમજ પગાર અને હિસાબી અધિકારી, તિજોરી અને પેટા તિજોરી અધિકારીઓને આથી જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એ.એન.પટેલ
ઉપસચિવ
વન અને પર્યાવરણ વિભાગ

પ્રતિ

- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ
- સીનીયર ડેપ્યુટી એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ
- રેસીડેન્ટ ઓડિટ ઓફિસરશ્રી, ગાંધીનગર / અમદાવાદ.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર / અમદાવાદ.
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર / અમદાવાદ.
- અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- નાણાં વિભાગ "ક" શાખા, સચિવાલય, ગાંધીનગર.
- વિભાગના સર્વે નાયબ સચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિભાગના સર્વે ઉપસચિવશ્રીઓ, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિભાગની તમામ શાખાઓ ( બજેટ સિવાય ) તરફ જાણ અને જરૂરી કાર્યવાહી માટે.
- નાયબ સેકશન અધિકારી સીલેકટ ફાઇલ.

વન અને પર્યાવરણ વિભાગ/બ

સાદર રજૂ,

પૃ    પ.વિ. પરનો આદિજાતિ વિકાસવિભાગના તારીખ ૧૮-૧૧-૨૦૧૪ના ઠરાવ તેના બીડાણ સહિત વંચાણે લેવા  વિનંતિ

આદિજાતિ વિકાસવિભાગ સચિવાલયના સર્વે વિભાગોને ડિસેમ્બર-૨૦૧૪ થી જાન્યુઆરી ૨૦૧૫ ના બે માસ માટે આયોજન બહાર સદર હેઠળની બજેટ ગ્રાન્ટ બધા જ વિગતવાર સદરોએ ખર્ચ કરવા સારૂ છુટી કરેલ છે. તદઅનુસાર વન અને પર્યાવરણ વિભાગ હસ્તક  રૂ. ૪૪૯૫૭/- હજાર ની ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવેલ છે.

તદનુસાર નીચેની શરતો ને આધીન પૃ    પ.વિ. પરના પત્રક મુજબ વિભાગના તમામ સંબંધિત નિયંત્રણ અધિકારીઓને ખર્ચ કરવા સારૂ I.F.M.S. હેઠળ Online ગ્રાન્ટ ફાળવણી કરીએ. ઠરાવનોમુસદ્દો પૃ    પ.વિ. પર અનુમતિ અર્થે રજૂ છે.

**સંયુકત સચિવશ્રી**

**અ.મુ.સચિવશ્રી**